R.N.I. No. : 66450/97 Dkphgdedg#Mxulvglfwlrq

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

kwws=22mdjdglvkfkulvwldq1frp

#hpdlo=jduylqdynudqwl#C#|dkrr1frp

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

L#xghoholyhuhg#soh1uhwxuq#wr

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 24•ISSUE: 34 DATE: 22-08-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ભારતના ભુતપુર્વ ક્રિકેટ કેપ્ટન,વિકેટ કીપર-બેટ્સમેન,ગ્રેટ ફીનીશર તરીકે અત્યંત લોકપ્રિય એવા મહેન્દ્રસિહ ધોનીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સન્યાસ ગ્રહણ કર્યો




બે વખતના વર્લ્ડ ચેમ્પિયન સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરતાં ક્રિકેટ પ્રેમીઓમાં સોપો પડી ગયો હતો.હજુ મહેન્દ્રસિહ ધોની પાસે ક્રિકેટ બાકી હતું પરંતુ એક વર્ષથી તેમની નિવૃત્તિની પાછળ લાગી ગયેલા અનેક લોકોએ તેમને નિવૃત્તિ માટે મજબુર કરી નાંખ્યા.આમ એક વર્ષથી ચાલતા સસ્પેન્સનો આખરે અંત આવ્યો. જો કે દેશમાં તેમણે છેલ્લા એકાદ ઈન્ટરનેશનલ મેચ રમીને નિવૃત્તિ લીધી હોત તો તેમની કારકીર્દીને વધુ એક યશસ્વી ચાંદ લાગી જાત.

ધોની પોતાની અલગ પ્રકારની લીડરશીપના કારણે અત્યંત લોકપ્રિય બની ગયા હતા. જો કે તેમને મી.કુલનું બિરુધ્ધ મળ્યુ હતું. તેમની ટીમ સભ્યો પાસેથી વધુ આઉટપુટ મેળવવાની અલગ પ્રકારની આવડત હતી.પરિણામે અનેક મેચોમાં અજોડ સફળતાઓ મળી હતી. કેટલીક વાર મેચ હાથમાં જતી જણાય પરંતુ તેમના આકસ્મિક ફેરફારો અને નિર્ણયો જીતને ગળે લગાવી દેતા હતા.

૩૯ વર્ષીય ધોની આ વખતે સપ્ટે.માં યોજાનારા આઈપીએલમાં ચેન્નાઈ સુપર કિગ્સ માટે રમશે પરંતુ હવે તે ક્યારેય ઈન્ડીયા માટે બ્લુ જર્સીમાં જોવા મળશે નહીં. ખાસ કરીને ૭ નેબરની જર્સી તે જોવા મળશે નહીં.

ભારત માટે હવે ધોની ઈન્ટરનેશનલ ક્રિકેટ રમશે નહીં.છેલ્લે તે ગયા વર્ષે ઈગ્લેન્ડમાં યોજાયેલા વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની સેમી ફાઈનલ રમ્યો હતો. જેમાં તેણે ૫૦ રન ફટકાર્યા હતા. આ મેચ બાદ તે એક પણ ઈન્ટરનેશનલ મેચ રમ્યો નથી. એક વર્ષથી તેની નિવૃત્તિની અટકળો ચાલી રહી હતી અને મીડીયામાં અનેક ગોસીપો વહેતી રહી હતી. એમ પણ કહેવાતું હતું કે તે ઓકટો.માં રમાનારા ઓસ્ટ્રેલીયામાં યોજાનારા ટી૨૦ વર્લ્ડ કપમાં રમશે.ધોનીનો દેશમાં મોટો ચાહક વર્ગ નિરાશ થયો છે. કારણકે મેચ વિનર અને ગ્રેટ ફીનીશરને એક વાર નિવૃત્ત થતાં પહેલા તેમને ક્રિકેટના મેદાનમાં જોવા માંગતા હતા.પરંતુ એક વાર ફરીથી તેમણે ઈન્ટરનેશનલ ક્રિકેટનો આકસ્મિક અલવિદા કરી દીધી.

ભારત માટે ધોની ૩૫૦ વન ડે,૯૦ ટેસ્ટ અને ૯૮ ટીર૦ ઈન્ટરનેશનલ મેચ રમ્યા છે. જો કે તેની કારકીર્દીના અંતિમ ચરણમાં તે ધીમો પડી ગયો હોય તેમ રન ચેઝ કરવામાં નિષ્ફળ રહ્યો હોવાની ટીકા કરવામાં આવતી હતી. ધોનીએ વનડે ક્રિકેટમાં ૧૦,૭૭૩ રન ફટકાર્યા છે. અને મોટા ભાગે તે ભારત માટે પાંચથી સાતમા સ્થાને રમવા આવતા હતા.ટેસ્ટમાંથી તો ૨૦૧૪માં જ નિવૃત્તિ લીધી હતી. જેમાં તેમણે ૪૮૭૬ રન ફટકાર્યા હતા.એક કેપ્ટન તરીકે તેણે ૨૭ ટેસ્ટમાં ભારતને વિજય અપાવ્યો હતો.તેની રણનીતિ અજોડ હતી.તેમની રણનીતિમાં તે ચાણક્ય ગણાતો હતો. મેચની પરિસ્થિતિ મુજબ તે નિર્ણય લેતો હતો. આત્વરિત નિર્ણય શક્તિ તેની વિકેટકીપીંગને પણ મેચ થતી હતી.તેમણે કરેલા કેટલા સ્ટમ્પિગ વીજળી ગતિએ કરેલા તેનાથી વિજયનો પાયો નંખાયો હતો.ધોનીએ કારકીર્દીમાં ઘણીવાર તો માત્ર ૦.૬ સેકન્ડમાં સ્ટમ્પિગ કર્યા હતા.

કેપ્ટન તરીકે નિવૃત થયા બાદ તેણે ટીમના સભ્ય તરીકે વિરાટ કોહલીને કેપ્ટનશીપમાં નિર્ણયો લેવામાં મદદરુપ બન્યા હતા. ધોની મેચ ફીનીશર તરીકે વિશ્વમાં ખ્યાતિ મેળવનાર એક અદ્રિતીય ખેલાડી હતા. છેલ્લી ઓવરમાં ટાર્ગેટ પર પહોચવા માટે તેમની ગગનચુંબી સિકસસરોથી તેમના ચાહકો ઉછળી પડતા હતા.તેમના વિનિગ શોટ સિક્સરે જીત અપાવી છે. તેણે મેદાન પર કે મેદાન બહાર ક્યારેય નિર્ણય લેવામાં વિલંબ કર્યો નથી. ધોનીનું એક વ્યક્તિત્વ,બેટ્સમેન,કેપ્ટન કે વિકેટકીપર તરીકે વીજળી ઝડપે સ્ટમ્પીંગ કરવાની વાત હોય તે હંમેશા અગ્રેસર રહ્યા છે. ધોની સદાબહાર ક્રિકેટર આપણા દિલમાં છવાયેલો રહેશે.એક સન્માનીય ક્રિકેટર તરીકે તેનું નામ આદરથી લેવાશે.



## ભારતના ૭૪માં સ્વતંત્રતા દિવસ પર રાજધાની દિલ્હીના લાલ કિલ્લા પરથી રાષ્ટ્ર ધ્વજ ફરકાવતાં વડાપ્રધાને દેશને સંદેશો પાઠવ્યો



ભારતના ૭૪માં સ્વતંત્રતા દિવસ પર રાજધાની દિલ્હીના લાલ કિલ્લા પરથી ધ્વજવંદન કર્યા બાદ વડાપ્રધાને દેશની જનતાને સંબોધિત કરી હતી.વડાપ્રધાને ચીન અને પાકિસ્તાનને આકરો સંદેશો પાઠવ્યો હતો. તેઓએ જણાવ્યુ હતું કે એલઓસીથી એલએસી સુધી જેમણે પણ ભારતના સાર્વભૌમત્વ પર આંખ ઉઠાવવાનો પ્રયાસ કર્યો છે તેમને ભારત તરફથી જડબાતોડ જવાબ આપવામાં આવશે.ભારતના સાર્વભૌમત્વનું સન્માન સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વિશ્વે જોયુ છે કે સરહદો પર ભારતની અખંડતતાને હાનિ પહોચાડવાનો પ્રયાસ કરવામાં આવે તો ભારત શું કરી શકે છે.

આ ઉપરાંત વડાપ્રધાને અનેક ઘોષણાઓ કરી હતી. જેવી કે દેશમાં સાઈબર ક્રાઈમ અટકાવવા માટે નવી સાઈબર સુરક્ષા નીતિનો અમલ કરાશે. ૧ લાખ નવા નેશનલ કેટેટ કોર્પ્સનું વિસ્તરણ કરીને ૧ લાખ નવા કેડેટને સેના દ્વારા તાલીમ અપાશે. આગામી ૧૦૦૦ દિવસમાં લક્ષદ્રીપને સબમરિન ઓપ્ટિકલ ફાઈબર કેબલથી જોડી દેવાશે. દેશના દરેક ગામને ઓપ્ટિકલ ફાઈબર કેબલથી જોડી દેવાશે.જંગલો અને વનસૃષ્ટિના સંરક્ષણ માટે પ્રોજેકટ લાયન એન્ડ ડોલ્ફિનની જાહેરાત. સમગ્ર દેશને રુ.૧૦૦ લાખ કરોડના ખર્ચે મોડલ કનેક્ટિવીટી ઈન્ફ્રાસ્ટકચરથી જોડાશે. જમ્મુ કાશ્મીરમાં ઝડપથી ચુંટણીઓનું આયોજન કરાશે.

વડાપ્રધાને કહ્યુ હતું કે દેશના વૈજ્ઞાનિકો કોરોનાની રસી બનાવવા માટે અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. હાલ દેશમાં કોરોનાની ૩ વેકસીનનું અલગ અલગ તબક્કામાં ટેસ્ટીંગ ચાલી રહ્યુ છે. જેથી વૈજ્ઞાનિકો તરફથી લીલી ઝંડી મળશે દેશમાં મોટાપાયે કોરોના વેકસિનનું ઉત્પાદન શરુ કરી દેવાશે. કોરોના વોરિયર્સનું સન્માન કરતાં વડાપ્રદાને જણાવ્યુ હતું કે આપણા ડોકટર,નર્સ પેરામેડિકલ સ્ટાફ, એબ્યુલન્સ કર્મચારી, સફાઈ કામદારો,પોલીસ , સેવાકર્મી ૨૪ કલાક કામ કરી રહ્યા છે. હું તેમને નમન કરુ છું.

દેશના દરેક નાગરિકને યુનિક હેલ્થ આઈડેન્ટીટી કાર્ડ અપાશે. આઈડી કાર્ડમાં નાગરિકના આરોગ્યની તમામ માહિતીનો સંગ્રહ કરાશે. નવજાત બાળકના રસીકરણ અને અન્ય સારવારની તમામ માહિતી રખાશે. હોસ્પીટલ અને ડોકટરના ઈલાજના નામે વધારે નાણાં વસુલી શકશે નહીં. બિનજરુરી એન્ટીબાયોટીક લખનારા ડોકટરોની જવાબદારી નક્કી કરાશે. આ ઉપરાંત તેમણે દેશની સુરક્ષા બાબતે પણ અનેક બાબતો કહી હતી

ખાસ કરીને સરહદો અંગેની પાડોશી દેશો સાથેના કથળેલા સબંધો બાબતે તેમણે ખાસ છણાવટ કરતાં પાડોશીઓને ચીમકી આપી હતી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**#kwws=22mdjdglvkfkulvwldq1frp**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક kwws=22idfherrn1frp2urelq1gkrodnld ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સોશ્યલ મીડીયા દ્વારા લોકોના જીવનમાં પરિવર્તન લાવવાની જવાબદારી છે.અને તેને નિભાવવાની પણ તેને સંપુર્ણપણે તકેદારી રાખવી પડે.સોશ્યલ મીડીયાને કારણે લોકોની જીવનશૈલી પણ બદલી શકાય અને વિચારોમાં આમુલ પરિવર્તન લાવી શકાય અને પરિણામે આપણા દેશમાં માત્ર રાજકારણીઓના ખાસ ઉદ્દેશ્યોને કારણે ફેસબુક અને વોટ્સએપને લુણો લાગ્યો છે.અમેરિકાના પ્રખ્યાત વોલ સ્ટ્રીટ જર્નલે આ બાબતે ટીકા કરી પરિણામે હાલમાં આ બાબત ચર્ચામાં આવી છે. સોશ્યલ મીડીયા કેટલાક સમયથી ભાન ભુલીને લોકોને પરેશાન કરવા,લોકોની પ્રતિષ્ઠા ખરડાવવા,લોકોને ગેરમાર્ગે દોરવા તેનો ઉપયોગ કરી રહી છે. વોલ સ્ટ્રીટ જર્નલે આ બાબતે લખ્યુ છે કે આ એપ્સ દ્વારા સામાજિક નફરત ફેલાવતી પોસ્ટ મુકાઈ રહી છે. અને ફેસબુકના પુર્વગ્રહ અને ભેદભાવભર્યા વલણને કારણે કશુ થઈ રહ્યુ નથી.હિંસા અને નફરત ફેલાવતી પોસ્ટના મામલે ફેસબુકે અપનાવેલ વલણ વ્યાજબી નથી.તેમાં પણ વ્હાલ દવલાની નીતિ અપનાવાઈ રહી છે. ભારતમાં ચુંટણીમાં મતદારો કોઈપણ એક પક્ષની તરફેણમાં ઝુકી શકે તેવી પોસ્ટની તરફેણ કરાઈ હોવાનુ તથ્ય બહાર આવ્યુ છે.ભારતમાં શાસક પક્ષના કેટલાક નેતાઓની ફેસબુક સાથેની સાંઠગાઠનો આરોપ સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે.અમેરિકાના અખબારે ભાજપના નેતાના નામ સહિત નફરત ફેલાવતી પોસ્ટ બાબતે લખ્યું છે. છતાં પણ ફેસબુક તરફથી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. ન તો આ પોસ્ટને રદ કરવામાં આવી છે. ભારત ખાતેના ફેસબુકના ટોચના પબ્લીક પોલીસી એક્ઝિક્યુટીવે આ માટે લોકોના ગળે ન ઉતરે તેવો બચાવ કરતાં કહ્યુ હતું કે ભાજપ નેતાની પોસ્ટ હટાવવાથી કંપનીના વેપારી હિતોને ભારે નુકશાન થઈ શકે તેમ હતું. ફેસબુકના આવા પક્ષપાતી વલણ બહાર આવ્યા પછી રાજકીય પક્ષો વચ્ચે ચકમક ઝરે તે વ્યાજબી છે. જો કે સત્તા પર બેઠેલા પક્ષના નેતાઓ લુલો બચાવ કરવામાં પાવરધા છે અને તેમની પાસે આ બાબતે મોટુ આઈટી સેલ, અને ગોદી મીડીયાનો કાફલો છે જે સત્યને ઉજાગર થતું અટકાવવા માટે ભરપુર અને ગેરવાજબી પ્રયત્નો કરે છે.જો કે જેની પર આક્ષેપ કરવામાં આવ્યા તે બેઉ સાઈટસના માલિક એક જ છે. દેશની લોકશાહીને થતું નુકશાન રોકવા સરકાર પણ આવા કરતુતોથી ઉદાસીન રહી શકે નહીં.ભારતમાં નફરતના બીજ વવાય અને હિંસાને વ્યાજબી ઠેરવવાના પ્રયત્નો ના બને તે જોવાની સરકારની જવાબદારી બને છે. લોકશાહી તંદુરસ્ત સમાજ માટે જરુરી છે. મીડીયા તેનો રાજધર્મ બજાવે તે જરુરી છે તો સાથે સાથે રાજકીય પક્ષો તેને પોતાની હથિયાર બનાવે તે પણ વ્યાજબી નથી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

DJQHOR#IUHH#PDUULDJH
VHUYHFHV#LQGLD
djqhoriuhhpduuldjhexuhdxCjpdlo1frp1
sdupdubndqx5335C|dkrr1fr1lq
#####kwws=22mdjdglvkfkulvwldq1frp2
#####Frqdfw#Qr133<4#<;577;<677/
######+U,33<4059<50593665

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# કેરળમાં એરઇન્ડીયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત બન્યું ,૧૫ના મોત ૧૩૮થી વધુ લોકો ઘાયલ



કેરળ માં અતિ ભારે વરસાદને કારણે દુબઈથી કોઝિકોડ આવેલી ૧૯૦ પ્રવાસી સાથેની એર ઈન્ડીયા એક્સપ્રેસની ફ્લાઈટ કારાપુર એરપોર્ટ ખાતે લેન્ડીગ સમયે લપસી જતાં વિમાન બે ટુકડામાં વહેચાઈ ગયું હતું. દુબઈ થી કોઝિકોડ આવેલી એર ઈન્ડીયાની ફ્લાઈટ ટેબલ ટોપ એરપોર્ટ પર ઉતરાયમ કરી રહી હતી ત્યારે અતિભારે વરસાદના કારણે લપસણા બની ગયેલા રનવે પર લપસીને નજીકની ૩૦ ફુટ ઉંડી ખાઈમાં બે હિસ્સામાં વહેચાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં બે પાઈલટ સહિત ૧૫ વ્યક્તિના મોત નિપજ્યા હતા.વિદેશોમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવાના ભારત સરકારના વંદે માતરમ મિશન અંતગર્ત આ વિમાન દુબઈથી કોઝિકોડ આવ્યુ હતું.

# કુવૈતે ભારત સહિત કેટલાક દેશોના નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો

કુવૈતે આકરા પગલાં ભરતાં ભારતીય નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. કુવૈત સરકારે જાહેરાત કરી છે કે પહેલી ઓગષ્ટથી ભારત,પાકિસ્તાન, નેપાળ,બંગલાદેશ,શ્રીલંકા, ઈરાન અને ફીલીપાઈન્સથી આવનારા લોકોને બાદ કરતાં અન્ય દેશોમાં રહેતા કુવૈતી નાગરિક અને પ્રવાસીઓ દેશમાં અવર જવર કરી શકે છે. ભારતીય વિદેશ મંત્રાલયને ભારતીય નાગરિકો પર લાદવામાં આવેલા આ પ્રતિબંધ અંગેની માહિતી છે અને તેઓ પ્રશાશનિક સ્તર પર આ મામલાને ઉકેલવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અરબ મીડીયા સુત્રોના જણાવ્યા પ્રમાણે કમ્યુનીટી સર્પોટ ગ્રુપના અધ્યક્ષ રાજપાલ ત્યાગીએ જણાવ્યુ હતું કે આ નિર્ણયથી જેઓ ભારત જઈને ત્યાં કોરોનાની મહામારીના કારણે ફસાઈ ગયા છે તેવા હજારો લોકોની રોજગારી છીનવાઈ જશે.સ્થાનિક મીડીયા સુત્રોના જણાવ્યા મુજબ આવા હજારો પરિવારો છે કે જેમના કેટલાક લોકો કુવૈતમાં રહી રહ્યા છે. અને કેટલાક લોકો ભારત જઈને ફસાઈ ગયા ચે. અને હવે તે તમામ લોકો કુવૈત પર ફરવા માંગે છે. રજા માણવા ભારત ગયેલા લોકો જો પરત નહીં ફરી શકે તો તેમની નોકરીઓમાંથી હાથ ધોઈ બેસસે. ઘણા બધા લોકોના વીઝા પુરા થઈ ગયા છે.

## જાણવા જેવું !

૧૮૮૭માં મોન્ટાનામાં બરફનો વરસાદ પડ્યો ત્યારે બરફના કરા ૧૫ ઈંચ પહોળા અને ૮ ઈંચ જાડાઈ ધરાવતા હતા.અત્યાર સુધીમાં આવો બરફનો વરસાદ વિશ્વમાં કોઈ પણ ઠેકાણે પડ્યો નથી.

આપણા શ્વાસમાં હિલિયન ગેસનું પ્રમાણ ૦.૦૦૦૫ ટકા હોય છે.આપણાં ઘરના તાપમાનમાં હિલીયન ગેસ રંગહીલ,સ્વાદહીન હોય છે.

વિમ્બલ્ડન ચેમ્પીયનશીપ ટુર્નામેન્ટ દરમિયાન ૪૨ હજાર ટેનીસ બોલનો વપરાશ થાય છે.


★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું#લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.


**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# ૭૪માં સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ

## ગુજરાતના સર્વાંગી વિકાસને સર્વદા સમર્પિત રહેવું એ શ્રેષ્ઠરાષ્ટ્રભક્તિ છે

# સ્વતંત્રતાની ઉજવણી, આત્મનિર્ભરતાની તૈયારી
# કોરોના સામે ગુજરાતની ઢાલ બની ગુજરાત સરકાર

કોરોના સંક્રમિતોની યોગ્ય સારવાર માટે
પર હજાર કોવિડ બેડ તેમજ ૨૩૦૦ વેન્ટિલેટર્સ ઉપલબ્ધ

કોરોના ટેસ્ટીંગ માટે રાજ્યભરમાં
૩૪ સરકારી અને ૨૫ પ્રાઇવેટ એક કુલ ૫૯ લેબોરેટરી ઉપલબ્ધ

ગુજરાતમાં કુલ કોરોનાના ૭૫૪૮૨ પોઝીટીવ કેસ સામે
૫૮૪૩૯ સંક્રમણમાંથી બહાર આવ્યા અને હાલ ૧૪૩૧૦ કેસ એકટિવ છે.

કોરોના દર્દીઓની રિકવરી રેટ ૭૭ ટકાથી વધુ અને મૃત્યુદર ૭.૮ ટકાથી ઘટીને ૨.૨ ટકા થયો

આત્મનિર્ભર બની રહ્યુ છે ગુજરાત

પ્રોપર્ટી ટેક્ષ,વીજબીલ, અને વાહનકરમાં રાહત મારે રૂ. ૨૩૦૦ કરોડની ફાળવણી
ઉદ્યોગ વ્યવસાયી માટે રૂ. ૩૦૩૮ કરોડની પ્રોત્સાહક સબસીડી,શ્રમિક કલ્યાણ માટે
રૂ.૪૬૬ કરોડ, હાઉસીંગ સેકટર માટે રૂ. ૧૦૦૦ કરોડ તેમજ કૃષિ પશુ પાલન
અને મત્સ્ય ઉદ્યોગ માટે રૂ. ૧૧૯૦ કરોડ-ની ફાળવણી કરાઇ.
અત્યાર સુધીમાં ૬૫૯૩૦ વ્યવસાયિકોને રૂ. ૬૭૩.૬૩ કરોડની લોન મળી ચુકી છે.

નાના દુકાનદારો અન`પરંપરાગત વ્યવસાયીકોને પુનઃપગભર કરવા રૂ. ૧૪૦૦૦કરોડનું
આત્મનિર્ભર પેકેજ જાહેર કરાયુ
ખેડુતોને રાતે ખેતરમાં ઉજાગરા ના કરવા પડે અને દિવસે પુરતી વીજળી મળતી રહે તે માટે દિનકર
યોજના લોન્ચ કરાઇ.
મુખ્યમંત્રી કિસાન સહાય યોજના
ગુજરાતના તમામ ખેડુતોને બધાજ ખરીફ પાક ઉપર આ યોજનાનો લાભ મળશે.
ખરીફ ઋતુ દરમિયાન ૩૩ ટકાથી ૬૦ ટકા થયેલા પાકના નુકશાન માટે પ્રતિ હેકટર રૂ. ૨૦ હજાર
અને ૬૦ ટકાથી વધુ નુકશાન માટે પ્રતિ હેકટર રૂ. ૨૫ હજારની સહાય.
કોઇપણ પ્રિમિયમ ભર્યા વગર ખેડુતોને નુકશાન સામે મળશે વળતર,મહત્તમ ૪ હેકટર સુધી મળશે લાભ
આત્મ નિર્ભર ગુજરાત તરફ મહત્વપુર્ણ પગલું, નવી ઔદ્યોગિક પોલીસી જાહેર કરાઇ
જીવદયા માટે કરુણા અભિયાનની નવી પહેલ રાજ્યમાં ૪૬૦ ફરતા ફરતા પશુ દવાખાના શરુ કરાયા.

ગુજરાતની જનતાને ૭૪માં સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ, કોરોનાને કારણે થયેલા નુકશાનથી ગુજરાતને ફરી બેઠુ કરવા, પુનઃ ધબકતું કરવા તેમજ આત્મનિર્ભર બનાવવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

શ્રી નીતિનભાઇ પટેલ,નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# નવી શિક્ષણ નીતિના અમલ અંગેની ચિંતા સતાવે છે : નાણાંકીય, સ્વાસ્થ ક્ષેત્રની જાણકારી ન હોય તેમને મંત્રાલય સોંપાયા છે : શિવસેના

શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિને લઈને ટિપ્પણી કરી હતી. શિવસેનાએ લખ્યુ છે કે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિ રાફેલ ફાઇટર જેટની ખરીદી કરતાં વધારે જરુરી છે પરંતુ તેને લાગુ કરવાના મામલે ચિંતા થઇ રહી છે. સંપાદકીયમાં જણાવવામાં આવ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ્ય નિર્ણય લીધો છે. તેમણે દેશની શિક્ષણ નીતિને સંપુર્ણ રીતે બદલી નાંખી છે. ૩૪ વર્ષ ભાદ આવું થયું છે. આ મુદ્દો રાફેલ વિમાનોથી વધારે જરુરી છે. હવે આપણને નવું શિક્ષણ મંત્રાલય મળી ગયું છે તો નવા શિક્ષણ મંત્રી પણ મળશે. જે કોઇને પણ શિક્ષણ વ્યવસ્થા અંગે બધુ જાણે છે તેને આ પદ સોંપવું જોઇએ. કેટલાક લોકો એવા છે જેમને ફાયનાન્સની જાણકારી નથી કે પછી હેલ્થ સેકટરની જાણકારી નથી પરંતુ મંત્રાલય સોપવામાં આવ્યા છે. અને તેમણે સારુ કામ કર્યુ નથી. શિવસેનાએ પાંચમા ધોરણ સુધી બાળકોને તેમની માતૃભાષામાં શિક્ષણ આપવાનો નિર્ણયનું સ્વાગત કર્યુ છે



જો કે પાર્ટીએ સવાલ ઉભા કર્યા કે નિયમ માત્ર સરકાર સ્કુલો સુધી મર્યાદિત રહેશે કે પછી પ્રાઇવેટ અને મિશનરી સ્કુલો સુધી પહોચી શકશે ? કે પછી અટકી જશે

# ભારતીયોના પ્રવેશ પર પ્રતિબંધ ન હોય તેવા દેશોમાં પ્રવાસની પરવાનગી અપાશે : આંતરરાષ્ટ્રીય પ્રવાસ પર નિયંત્રણો હળવા કરાશે

કેન્દ્રીય ગૃહમંત્રાલયે જણાવ્યુ છે કે ભારતના કોઇપણ નાગરિકને જો તેની પાસે કોઇપણ પ્રકારનો માન્ય વિઝા હોય અને સબંધિત દેશમાં ભારતીયોના પ્રવેશ પર નિયંત્રણો ન લદાયેલા હોય તો તેમને પ્રવાસની પરવાનગી અપાશે. જો કે આ માટે ભારતીય પ્રવાસીને ટીકીટ અને બોર્ડિંગ પાસ આપતાં પહેલા એરલાઇન્સે સુનિશ્ચિત કરવું પડશે કે ભારતીય નાગરિક જે દેશમાં જવા ઇચ્છે છે ત્યાં ભારતીય નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ કે નિયંત્રણો લદાયેલા નથી.

કેન્દ્રીય ગૃહમંત્રાલયે એક જાહેરાતમાં જણાવ્યુ હતું કે અમેરિકા, બ્રિટન,જર્મની અને ફ્રાંસમાં વસવાટ કરતાં ઓવરસિઝ સીટીઝન ઓફ ઇન્ડીયાને ભારતની મુલાકાત લેવાની પરવાનગી અપાશે. ભારત સરકારે તાજેતરમાં અમેરિકા,બ્રિટન,જર્મની અને ફ્રાંસ સાથે એર બબલ કરાર કર્યા છે. તે ઉપરાંત આ દેશોમાં વસવાટ કરતાં અન્ય વિદેશી નાગરિકોને બિઝનેસ, મેડિકલ અને રોજગારના હેતુઓ માટે ભારતીય વિઝા મેળવવાની પરવાનગી આપવામાં આવશે.

# કોરોનાના પાપે સો વર્ષની સૌથી ભીષણ મંદી : કુમાર મંગલમ બિરલા

દેશના અગ્રણી ઉદ્યોગપતિ અને હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન કુમાર મંગલમ બિરલાએ જણાવ્યુ હતું કે કોરોના મહામારી અને તેને પગલે લાગુ કરાયેલા લોકડાઉનને કારણે દેશમાં સો વર્ષે એક વાર સર્જાય તેવી મહામંદી સર્જાઇ છે. આ નાણાંકીય વર્ષમાં પણ દેશમાં જીડીપી ઘટે તેવી આશંકા તેમણે વ્યક્ત કરી હતી. બિરલાએ જણાવ્યુ હતું કે કોરોના બરાબર એવા સમયે ત્રાટક્યો છે જ્યારે વૈશ્વિક આર્થિક પ્રવાહી સ્થિતિ તથા દેશમાં નાણાંકીય સિસ્ટમમાં સર્જાયેલા સંકટના કારણે પહેલેથી જ દેશના અર્થતંત્રની રફતાર ધીમી પડી ચુકી છે.

બિરલાએ શેરધારકોને પાઠવેલા એક પત્રમાં જણાવ્યુ છે કે ભારતનો ૮૦ ટકા જીડીપી એવા જિલ્લાઓમાં સર્જાય છે જે જિલ્લો લોકડાઉન વખતે રેડ અથવા તો ઓરેન્જ કેટેગરીમાં મુકાયા હતા. ત્યાં આર્થિક ગતિવિધિઓ પર માઠી અસર પડી હતી.તેના કારણે ચાલુ નાણાંકીય વર્ષમાં જીડીપીમાં ખાસ્સો ઘટાડો આવે તેવી સંભાવના છે.

હાલની પ્રવાહી પરિસ્થિતિમાં કશું પણ ભાખવું અશક્ય છે. જો કે એ નક્કી છે કે પ્રતિભાશાળી નેતૃત્વ,મજબુત બિઝનેસ ફન્ડામેન્ટલસ તથા કટિન સંજોગોમાં પણ હેમખેમ રહેવાનો ટ્રેક રેકોર્ડ ધરાવતી કંપનીઓ આ નવી વૈશ્વીક વ્યવસ્થામાં વિજેતા બનીને ઊભરી આવશે એમ તેમણે કહ્યુ હતું.

બિરલાએ કહ્યુ હતું કે હાલ આશાનું કિરણ એ છે કે આ મહામારીએ બીજો તબક્કો ધાર્યા મુજબ આવ્યો નથી. અને ભારત સહિત વિશ્વભરમાં ધીમે ધીમે આર્થિક ગતિવિધિઓ શરુ થઇ છે.આથી આ ભીષણ મંદી ભલે તીવ્ર હોય પરંતુ તે દીર્ઘકાલિન નહી રહે તેવી આશા રાખી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ દેશના અગ્રણી ઉદ્યોગપતિ નારાયણ મુર્તિ પણ સદીઓમાં એક વાર આવે તેવી ભીષણ મંદી કોરોનાને પગલે આવી છે.અને તેના કારણે આઝાદી પછીના ઇતિહાસમાં જીડીપીમાં સૌથી મોટો કડાકો આવવાની આશંકા વ્યક્ત કરી ચુક્યા છે.

દેશના આર્થિક મંદીની સાથે બેરોજગારી અને બીજી અનેક સમસ્યાઓ મહામારીને કારણે દેશને બેહાલ કર્યો છે.

# દુકાનદારો, ફેરીયાઓના વ્યાપક કોરોના ટેસ્ટ કરવા કેન્દ્રનો રાજ્યોને આદેશ

કરિયાણાના દુકાનદારો, શાકભાજી અને અન્ય જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ વેચતા દુકાનદાર અને ફેરીયાની મોટી સંખ્યામાં લોકોમાં કોરોના સંક્રમણ ફેલાવી શકે છે તેવી ચિંતા વ્યક્ત કરતાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આ પ્રકારના લોકોના ટેસ્ટ કરવા તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સુચના આપી છે.જેથી કોરોનાના કારણે થતા મોતનો દર ઘટાડી શકાય. મોતનો દર ઘટાડીને સુનિશ્ચિત કરવાનું છે કે તે એક ટકાથી વધે નહીં.

# સુરોના સરતાજ પંડિત જશરાજનું નિધન

પદ્મવિભુષણથી સન્માનિત મહાન શાસ્રીય ગાયક પંડિત જશરાજનું અમેરિકાના ન્યુજર્સીમાં નિધન થયું હતું.તેઓ ૯૦ વર્ષના હતા. ૮૦ વર્ષની તેમની સંગીત સફરમાં તેઓ અનેક એવોર્ડસથી નવાજવામાં આવ્યા હતા. ગત વર્ષે એક ગ્રહનું નામ પણ તેમના નામ પરથી રાખવામાં આવ્યુ હતું.

મેવાતી ઘરાનાથી સબંધ ધરાવતા પંડતિ જસરાજે ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં શાસ્રીય સંગીતના સુરો ફેલાવ્યા હતા. તેઓ અમેરિકા અને કેનેડામાં શાસ્રીય સંગીતનું શિક્ષણ આપતા હતા.તેઓએ પોતાના ૯૦ જન્મદિવસની ઉજવણી ન્યુજર્સીમાં કરી હતી.લોકડાઉનના કારણે તેઓ અહીં હતા.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક #<;5849<6;9

**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.